GOKULDHAM HAVELI
ATLANTA, GA

Pushtimargiya Vaishnav Samaj of South East USA, Inc.

ગોકુલધામ હવેલી
એટલાન્ટા, જ્યોર્જીયા



# પુષ્ટિ સ્વર



A Newsletter from the Gokuldham Haveli
Inspired - Guided by Shashtapitadhishwar H.D.H. Shree Dwarkeshlalji Maharajshree
(Vadodara-Kankaroli)

Editor & Writer » Divyakant Bhatt • Managing Editor »Tejas Patwa • Guidence By » Ashok Patel • SEPTEMBER-2023 • ISSUE-04

### ગોકુલધામ હવેલીમાં વૈષ્ણવાચાર્ય પૂ.શરણમકુમારજીના આગમન વેળા મનોરથ અને વચનામૃતનું આયોજન કરાયું

# માફી માંગવાથી અને માફી આપવાથી જીવન હળવું બને છે : પૂ.શરણમકુમારજી મહોદય

## વૈષ્ણવોએ કુંજ મનોરથ અને કાચના બંગલાના મનોરથના દર્શન અને વચનામૃતનો લ્હાવો લીધો

**એટલાન્ટા**

એટલાન્ટાની ગોકુલધામ હવેલીમાં વડોદરાના કલ્યાણરાયજી મંદિરના વૈષ્ણવાચાર્ય પૂ.શરણમકુમારજી મહોદયનું આગમન થયું હતું. તેમના આગમન વેળાએ તા.13 અને 14 સપ્ટેમ્બરના રોજ ગોકુલધામ હવેલી ખાતે કુંજ મનોરથ અને કાચના બંગલાનો મનોરથ યોજાયો હતો તેમજ બંને દિવસ વચનામૃતનું આયોજન કરાયું હતું.

પૂ.શરણમકુમારજીએ બે દિવસીય સત્સંગ દરમિયાન જ્ઞાનના પ્રકારો અને જ્ઞાન વિશે ચિંતન રજૂ કર્યું હતું. પૂ.શરણમકુમારજીએ સમજાવ્યું હતું કે, માફી માંગવાથી અને માફી આપવાથી-માફ કરી દેવાથી માનસ ક્યારે પણ નાનો નથી બનતો. જો મનુષ્ય આ બે કરવાનું શીખી જાય તો જીવન હળવું બને છે. પૂ.શ્રીએ જીવન વ્યવહારમાં આ વાત જરૂરથી અમલમાં મૂકવા ભારપૂર્વક કહ્યું હતું. પૂ.શરણમકુમારજી મહોદયે કહ્યું હતું કે, જ્ઞાન વ્યક્તિને પોતાની સાથે પરિચય કરાવે છે, જ્યારે ભક્તિ પોતાની અંદર રહેલા પરમ તત્વનો અનુભવ કરાવે છે. જ્ઞાન પ્રારંભની અવસ્થા છે, જ્યારે ભક્તિ એની ફલા અવસ્થા છે.



જો આપણે શ્રી ઠાકોરજી કોણ છે એ જાણ્યા વગર કે તેનું જ્ઞાન મેળવ્યા વગર તેમની પૂજા શરૂ કરી દઈએ તો તે ખોટું નથી પણ વ્યક્તિને ખબર નહીં હોય કે, કોની પૂજા કરું છું તો ભગવાન સાથેના રિલેશનશીપનું મહત્ત્વ આપણને નહીં સમજાય. દેહનો સંબંધ દેહી સાથે થાય પણ આત્માનો સંબંધ પરમાત્મા સાથે થાય તો જ જીવનું મહત્ત્વ છે. પૂ.શ્રીએ ભગવાન સાથેના રિલેશનશીપને જાળવી રાખવા મહત્ત્વની વાત કરતાં સમજાવ્યું હતું કે, પરિવારમાં આપણે એકબીજાની પસંદ-નાપસંદનું ધ્યાન રાખીએ છીએ તેની પાછળનો આશય સંબંધ ટકાવી રાખવાનો છે.

એવી જ રીતે શરણાગતિના છ ધર્મ પૈકી પ્રભુને ગમે તે કરીએ અને ના ગમે તે છોડી દઈએ તો પ્રભુ તરફની જીવન યાત્રા સરળ બની જાય છે. એના માટેની પ્રેક્ટીશને આપણે ભક્તિ કહીએ છે. ભક્તિએ પ્રભુ પ્રત્યેનો પ્રેમ છે. સકામ ભક્તિ અને નિષ્કામ ભક્તિનો ઉલ્લેખ કરી પૂ.શરણમકુમારજીએ કહ્યું હતું કે, કંઈ મેળવવાની આશા વગરની ભક્તિ સાત્વિક ભક્તિ છે. ભક્તિની સામે કંઈક મળે તેવી આશા સાથેની ભક્તિ રાજસ ભક્તિ છે. જ્યારે આપણી ભક્તિથી બીજાને દુઃખ થાય તો એ તામસ ભક્તિ છે. પ્રત્યેક જીવમાં શ્રીકૃષ્ણના દર્શન કરવા લાગે તે ભક્તિહૃદય છે. કૃષ્ણને ભજવા બિનશરતી પ્રેમ હોવો જોઈએ, આવો પ્રેમ ગોપીજનોએ કર્યો હતો. પૂ.શરણમકુમારજીના આગમન વેળાએ આયોજિત કુંજ મનોરથ અને કાચના બંગલાનો મનોરથ તેમજ વચનામૃતના મુખ્ય મનોરથી તરીકે તુષારભાઈ અને કામિનીબહેન પટેલ(રોમ)એ લ્હાવો લીધો હતો.પૂ.શ્રીએ આ મનોરથી દંપતીનું સન્માન કર્યું હતું.





## ગોકુલધામ હવેલીમાં તા.14 થી 22 ઓક્ટોબર સુધી 'નવરાત્રિ'યોજાશે

**એટલાન્ટા**

એટલાન્ટાની ગોકુલધામ હવેલીમાં પ્રતિ વર્ષ મુજબ આ વર્ષે પણ 'નવરાત્રિ' ઉત્સવનું આયોજન કરાયું છે. શનિવાર તા.14 ઓક્ટોબરથી રવિવાર તા.22 ઓક્ટોબર સુધી રાત્રિના 8 થી 11 વાગ્યા સુધી આયોજિત નવરાત્રિ ઉત્તસવની તડામાર તૈયારીઓ હાલ ચાલી રહી છે. આ વર્ષે બે વીકએન્ડમાં ગરબા ખેલૈયાઓને ગરબા રમવાનો લ્હાવો મળશે. આ ઉપરાંત તા.28 ઓક્ટોબરના રોજ ગોકુલધામમાં 'રાસોત્સવ' પણ યોજાનાર છે. ગોકુલધામમાં યોજાનાર ગરબા ઉત્તસવ દરમિયાન ખેલૈયાઓના રિફ્રેશમેન્ટ માટે સ્વાદિષ્ટ વ્યંજનોના ફુડ સ્ટોલ રાખવામાં આવશે. આ ઉપરાંત દશેરા પર્વ પ્રસંગે ફાફડા-જલેબીનું પણ વેચાણ કરવામાં આવશે.





## એટલાન્ટાની ગોકુલધામ હવેલીનો 'સમર કેમ્પ' બાળકો માટે આકર્ષણરૂપ

# ગોકુલધામ હવેલીના 9 મા 'સમર કેમ્પ'નો 230 બાળકોએ મોજ-મસ્તી સાથે આનંદ લૂંટ્યો

## વૈષ્ણવ ઈન્ટરફેઈથ પુષ્ટિમાર્ગીય ઓર્ગેનાઈઝેશન( VIPO)ના ઉપક્રમે સમર કેમ્પ યોજાયો

**એટલાન્ટા**

અમેરિકાના એટલાન્ટા સિટીમાં સ્થપાયેલી ગોકુલધામ હવેલી ખાતે આયોજિત 9 મો 'સમર કેમ્પ' સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. ગોકુલધામના આ સમર કેમ્પમાં 230 બાળકોએ ભાગ લઈ મોજ-મસ્તી સાથે ઉનાળુ વેકેશનની રજાઓનો ભરપૂર આનંદ લૂંટ્યો હતો. એટલાન્ટાની ગોકુલધામ હવેલી દ્વારા દર વર્ષે યોજાતો સમર કેમ્પ બાળકો માટે આકર્ષણરૂપ બની રહ્યો છે. પરિણામે વર્ષ-પ્રતિવર્ષ સમર કેમ્પમાં ભાગ લેનારા બાળકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થાય છે. જે અંતર્ગત વડોદરાના કલ્યાણરાયજી મંદિરના ષષ્ઠપીઠાધિશ્વર વૈષ્ણવાચાર્ય પૂ.દ્વારકેશલાલજી મહારાજના માર્ગદર્શન હેઠળ વૈષ્ણવ ઈન્ટરફેઈથ પુષ્ટિમાર્ગીય ઓર્ગેનાઈઝેશન (VIPO)ના ઉપક્રમે 9 મો સમર કેમ્પ તા.17 થી 22 જુલાઈ દરમિયાન યોજાયો હતો. ગોકુલધામ હવેલીમાં બાળકોને ભારતીય સંસ્કૃતિ-સંસ્કાર, શિસ્ત, શિક્ષણ અને આનંદ આપવાના હેતુથી સમર કેમ્પ-2023 'મિત્રતા' ની થીમ ઉપર યોજાયો હતો. પહેલી વખત ગોકુલધામની યુથ ટીમ દ્વારા સંચાલિત આ વર્ષના સમર કેમ્પનું નેતૃત્વ હરિત પટવાએ કર્યું હતું. આ સમર કેમ્પમાં 230 બાળકોએ ભાગ લીધો હતો.

જે પૈકી 90 બાળકોએ હવેલીમાં જ રાત્રિ મુકામ કરી ઘર અને માતા-પિતાથી દૂર રહી સ્વાવલંબી જીવનનો અનુભવ કેળવ્યો હતો. 'મિત્રતા'ની થીમ ઉપર યોજાયેલા ગોકુલધામના આ સમર કેમ્પમાં 50 વોલ્યુન્ટર્સ અને 35 કાઉન્સેલર્સે 7 દિવસ સુધી બાળકોની કાળજી રાખી પ્રશંસનીય કામગીરી બજાવી હતી. 10 જેટલાં વોલ્યુન્ટર્સ 7 દિવસ સુધી રાત-દિવસ બાળકોની સાથે રહ્યા હતા. કેમ્પ દરમિયાન બાળકોને મેઈન ઈવેન્ટની મુલાકાતે લઈ જઈ વિવિધ ગેમ્સ રમવાનો અવસર અપાયો હતો. આ ઉપરાંત ગોકુલધામ કેમ્પસમાં કાર્નિવલનું આયોજન કરાયું હતું. જેમાં ટ્રેન રાઈડ, બુલ રાઈડ ઉપરાંત મોજમસ્તી કરાવતા ઈવેન્ટ યોજાયા હતા. કાર્નિવલમાં બાળકોએ બરફના ગોળા અને ગરમાગરમ પોપકોર્ન ખાવાનો આનંદ લૂંટ્યો હતો. ગ્વિનેટ કાઉન્ટી લાયબ્રેરી તરફથી બાળકોને લાયબ્રેરીની કાર્યવાહીથી માહિતગાર કરાયા હતા. આ ઉપરાંત બાળકોને એનિમલ કિંગ્ડમ થકી વિવિધ એનિમલને જોવાનો અને તેને સ્પર્શ કરી તેનો નજીકથી જોવાની તક અપાઈ હતી.

જ્યારે ALPHA K-9 ટ્રેઈનર પરમ સોની દ્વારા K-9 ડૉગ્સને આપવામાં આવતી તાલીમ અંગે બાળકોને માહિતગાર કરી તેનું પ્રેક્ટિકલી નિદર્શન રજૂ કરાયું હતું. મેઘના શાહ દ્વારા યોગા અને પાયલ મપારા દ્વારા ઝુમ્બા થકી કેમ્પમાં ઉત્સાહનો સંચાર કરાયો હતો. કેમ્પમાં યોજાયેલા ગરબા અને ડાન્સમાં ઝૂમી બાળકોએ ભરપૂર આનંદ લૂંટ્યો હતો. કેમ્પમાં ભાગ લેનારા બાળકોને દિવસમાં 5 વખત ભાવતું ભોજન પીરસાતું હતું. કેમ્પના અંતિમ દિવસે ફિનાલે પ્રોગ્રામ દ્વારા બાળકોએ તેમના માતા-પિતા તેમજ મુલાકાતીઓનું મનોરંજન કર્યું હતું. સમર કેમ્પ-2023 ને સફળ બનાવવા માટે હરિત પટવા, આત્મય તલાટી, આર્ષ તલાટી, અમી પટવા, ગોકુલધામના એચ.આર.એન્ડ ઓપરેશન મેનેજર બીજલ સોની, સમીર શાહ, રોશની શાહ, અલિશા ઠાકર, અલ્પના શાહ, ડૉ.હિરલ પટેલ, જેની દેસાઈ, કક્ષા પટેલ, કિન્નરી અમીન, મેઘના શાહ, સપના ગાંધી, શિવાની શાહ, કાજલ ઠાકર, મોના શાહ, જીજ્ઞા દેસાઈ, સેજલ ડોડિયાએ જહેમત ઉઠાવી હતી. આ ઉપરાંત ગોકુલધામ કિચન ટીમના ભાનુબહેન પટેલ,રંજન શિરોયા, અશ્વિન પટેલ, રજનીભાઈ શેઠ, કિરીટ શાહ સહિત અન્ય વોલ્યુન્ટર્સે સહયોગ આપ્યો હતો.






























## નંદ મહોત્સવ અને મટકી ફોડના કાર્યક્રમોમાં શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર

# 2500 શ્રદ્ધાળુઓની હાજરીમાં ગોકુલધામમાં નંદ મહોત્ત્સવની ઉજવણી

## મટકી ફોડના કાર્યક્રમ વેળા ઝરમર-ઝરમર વરસાદ થતાં શ્રદ્ધાળુઓ-બાળકો ખુશીથી ઝૂમી ઉઠ્યા

### કિર્તનકાર અલ્પેશ સાવલિયા અને રાજેશ દલાલે નંદોત્ત્સવના કિર્તનોની રમઝટ બોલાવી દર્શનાર્થી વૈષ્ણવોને ડોલાવ્યા

એટલાન્ટા

ગોકુલધામ હવેલી ખાતે જન્માષ્ટમી પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી બાદ શનિવાર તા.9 સપ્ટેમ્બરે નંદ મહોત્સવની ઉમંગભેર ઉજવણી કરાઈ હતી. ગોકુલધામ હવેલીમાં આયોજિત નંદ મહોત્સવ અને મટકી ફોડના કાર્યક્રમોમાં એટલાન્ટા અને તેની આસપાસના શહેરોમાંથી અંદાજે 2500 જેટલાં શ્રદ્ધાળુ ઉમટી પડ્યા હતા. બાળકો મટકી ફોડના કાર્યક્રમને નિહાળી હરખાઈ ઉઠ્યા હતા. નંદ મહોત્ત્સવ અને મટકી ફોડના કાર્યક્રમમાં ભાગ લેવા આવેલા 2500 પૈકી 1200 થી વધુ શ્રદ્ધાળુઓએ ગોકુલધામ ખાતે મહાપ્રસાદનો લ્હાવો લીધો હતો.

વડોદરાના કલ્યાણરાયજી મંદિરના ષષ્ઠપીઠાધીશ્વર વૈષ્ણવાચાર્ય પૂ.દ્વારકેશલાલજી મહારાજના માર્ગદર્શન હેઠળ એટલાન્ટાની ગોકુલધામ હવેલીમાં શનિવાર તા.9 સપ્ટેમ્બરના રોજ સાંજે 5.30 થી 7.30 દરમિયાન નંદ મહોત્સવનું આયોજન થયું હતું. ગોકુલધામના નિજ મંદિરમાં યોજાયેલા નંદ મહોત્ત્સવ વેળા શ્રી કલ્યાણરાયજી પ્રભુને ચાંદીના પલનામાં ઝુલાવાયા હતા. મુખ્યાજી નરપતરામ મહારાજે નંદ મહોત્ત્સવ દરમિયાન શ્રી ગોવર્ધનનાથજી અને શ્રી કલ્યાણરાયજી પ્રભુના નયનાકર્ષક શ્રૃંગાર કરતાં દર્શનાર્થીઓ દર્શન કરીને આનંદવિભોર થયા હતા.

ગોકુલધામમાં નંદ મહોત્ત્સવ વેળા સાંજે 5.30 કલાકે દર્શન ખુલતાં મંદિરના મુખ્યાજી નરપતરામ મહારાજે જશોદા મૈયાના રૂપમાં નંદલાલાને પારણે ઝૂલાવી ઉપસ્થિત વૈષ્ણવોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. નંદલાલાના જન્મોત્સવની વધામણી રૂપે મુખ્યાજીએ દર્શનાર્થીઓને પ્રસાદ સામગ્રી તેમજ સુકામેવા અને ચોકલેટનું વિતરણ કર્યું હતું. આ સાથે નંદઘેર આનંદ ભયો, જય કનૈયાલાલકી ના જયઘોષ સાથે મંદિર પરિસર ગુંજી ઊઠ્યું હતું. નંદ મહોત્સવ વેળા ગોકુલધામના કિર્તનકાર અલ્પેશ સાવલિયા તેમજ રાજેશ દલાલે નંદોત્ત્સવના કિર્તનોની રમઝટ બોલાવી દર્શનાર્થી વૈષ્ણવોને ડોલાવી દીધા હતા.

નંદ મહોત્સવ અંતર્ગત ગોકુલધામના પ્રાંગણમાં સાંજે 6 કલાકે મટકી ફોડનો કાર્યક્રમ યોજાયો હતો. ગોકુલધામની યુવા ટીમ તેમજ નાના બાળકોએ નાચગાન સાથે આ કાર્યક્રમમાં ભાગ લઈ મટકી ફોડી હતી. મટકી ફૂટતાં જ બાળકોએ ચોકલેટ લૂંટવાનો આનંદ માણી નંદ મહોત્સવને ઉલ્લાસભેર ઉજવ્યો હતો. મટકી ફોડના કાર્યક્રમ વેળા ઝરમર-ઝરમર વરસાદ વરસતાં ઉપસ્થિત શ્રદ્ધાળુઓ અને બાળકો ખુશીથી ઝૂમી ઉઠ્યા હતા.

નંદ મહોત્ત્સવના મુખ્ય મનોરથી તરીકે સ્વ.મૃદુલાબહેન અને ડૉ. મુકુંદ રાજા, ડૉ.જે.જે.શાહ અને ડૉ. મીનાબહેન શાહ, સ્વ.વિપિનચંદ્ર અને મનોરમાબહેન મજમુદારે જ્યારે સહ મનોરથી તરીકે પટેલ ભાવિકાબહેને સેવાનો લ્હાવો લીધો હતો. નંદ મહોત્ત્સવ મનોરથી તરીકે દેસાઈ જીજ્ઞા અને ઉદયભાઈ, ગઢિયા સરોજબહેન અરવિંદભાઈ, પટેલ ઉમેશભાઈ, પટેલ દિશાબહેન અને શાહ નિકુંજબહેન અને સોહમ જોડાયા હતા. નંદ મહોત્સવમાં ગોકુલધામના બોર્ડ ઓફ ટ્રસ્ટી હર્ષદભાઈ શાહ અને ઉલ્કાબહેન શાહ, ગ્વિનેટ કાઉન્ટીના ડિસ્ટ્રિક્ટ એટર્ની પેસ્ટી ઓસ્ટિન ગેટ્સન ઉપસ્થિત રહ્યા હતા.

### 1200 થી વધુ શ્રદ્ધાળુઓને મહાપ્રસાદનું વિતરણ : ગોકુલધામ કિચન ટીમ અને સર્વિંગ ટીમની વાહવાહ

એટલાન્ટા

નંદ મહોત્ત્સવ અને મટકી ફોડના કાર્યક્રમ દરમિયાન 2500 જેટલાં શ્રદ્ધાળુઓ ગોકુલધામમાં ઉમટી પડ્યા હતા. આ પૈકી 1200 થી વધુ શ્રદ્ધાળુઓએ મહાપ્રસાદ સેવાનો લ્હાવો લીધો હતો. ગોકુલધામ કિચન ટીમના રંજનબહેન સિરોયા, અશ્વિન પટેલ, પિયૂષ પટેલ, રજનીભાઈ શેઠ, કિરીટભાઈ શાહ, રાજેશ દેસાઈ, ચિંતન જોશી, સર્વિંગ ટીમના ગિરીશ શાહ, ગૌરાંગ પટેલ, વૈભવ શાહ, દર્શક પટેલ, આકાશ પટેલ, કરણ શાહ, અશ્વિન રાય સહિત અનેક વોલેન્ટિયર્સની મહેનત રંગ લાવી હતી.













# ગુલાબી ઘટા સાથે વ્રજ કમળ મનોરથ યોજાયો










એટલાન્ટા

ચાલુ વર્ષે પવિત્ર અધિક શ્રાવણ માસ દરમિયાન ગોકુલધામમાં અનેકવિધ મનોરથનું આયોજન કરાયું હતું. જે અંતર્ગત તા.29 જુલાઇના રોજ શ્રી ઠાકોરજીના સુખાર્થે વ્રજ કમળ મનોરથનું આયોજન કરાયું હતું.

ગુલાબી ઘટા સાથે આયોજિત વ્રજ કમળ મનોરથમાં નિજ મંદિરના દર્શન ચોકમાં વિશાળ કમળની પ્રતિકૃતિ તૈયાર કરી તેની મધ્યમાં શ્રી કલ્યાણરાયજી પ્રભુને બિરાજમાન કરાયા હતા. કમળની પાંદડીઓ વચ્ચે શ્રી ઠાકોરજીને બિરાજમાન થયેલા જોઇ આ દ્રશ્યના દર્શન કરી શ્રદ્ધાળુઓ આનંદિત થયા હતા.

ગોકુલધામમાં વ્રજ કમળ મનોરથ નિમિત્તે નિજ મંદિરના દર્શન ચોકમાં કાષ્ઠમાંથી તૈયાર કરાયેલા વિશાળ કમળની પ્રતિકૃતિ રચવામાં આવી હતી. આ કમળના ત્રણ સ્તરમાં 8, 16 અને 32 મળી કુલ-54 પાંખડીઓ તૈયાર કરી આબેહુબ કમળ બનાવાયું હતું.

આ 54 પાંખડીઓને વિવિધ ઘાટનું નામકરણ કરી પ્રત્યેક નામ પાસે શ્રી ઠાકોરજીના ભોગ માટેની સામગ્રી પધરાવાઇ હતી.

કમળના ઉપરના ત્રીજા સ્તરે 8 પાંખડીઓની બરાબર વચ્ચે શ્રી કલ્યાણરાયજી પ્રભુને બિરાજમાન કરાતાં વ્રજ કમળ મનોરથના દર્શને આવેલા સૌ કોઇ શ્રદ્ધાળુઓ અનોખા દર્શન અને આકર્ષક મનોરથને નિહાળી ભાવવિભોર બન્યા હતા.

વ્રજ કમળના મનોરથ વેળા નિજ મંદિરને ગુલાબી ઘટાથી સજાવટ કરાઇ હતી. જેથી ગુલાબી રંગના કમળ સહિત સમગ્ર દર્શન ચોક અને નિજ મંદિર ગુલાબી રંગથી આચ્છાદિત બની ગયું હતું.

વ્રજ કમળ મનોરથના મુખ્ય મનોરથી તરીકે ગોકુલધામના એક્ઝિક્યુટિવ સેક્રેટરી તેજસ પટવા અને અમી પટવાએ સેવાની તક સ્વીકારી હતી.

જ્યારે મનોરથી તરીકે પટેલ રામજીભાઇ અને હેમાબહેન, શાહ રોશની અને કિન્તુભાઇ, શાહ વર્ષા અને ગિરિશભાઇ, દલાલ ભાવનાબહેન અને રાજેશભાઇ, સ્વ.મોદી ઉષાબહેન દેવેન્દ્રભાઇ, પટેલ રિટા અનિલભાઇ, પારેખ નીતા અને મેહુલભાઇ, મુન્શી ગોપીબહેન, શાહ બેલા અને બિરેનભાઇ, દેસાઇ જેની અને કલ્પનભાઇ અને શાહ શ્રેયા અલ્કેશભાઇને સેવાનો લ્હાવો સાંપડ્યો હતો.

# ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી સંજયકુમાર ગોકુલધામના મહેમાન બન્યા

એટલાન્ટા

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહામંત્રી અને લોકસભાના સાંસદ બંડી સંજયકુમાર અમેરિકાની મુલાકાત દરમિયાન ગોકુલધામ હવેલીના મહેમાન બનતાં ગોકુલધામ ખાતે એક્ઝિક્યુટિવ સેક્રેટરી તેજસ પટવાએ તેમનું સ્વાગત કર્યું હતું.

ભારતમાં તેલંગાના રાજ્યના ભાજપના પૂર્વ પ્રદેશ પ્રમુખ અને સાંસદ બંડી સંજયકુમાર હાલ ભાજપના રાષ્ટ્રીય મહામંત્રીની જવાબદારી સંભાળે છે. એટલાન્ટાની ગોકુલધામ હવેલી ખાતે આયોજિત ભાજપની બેઠકમાં ભાગ લેવા તેઓ ગોકુલધામ આવી પહોંચ્યા હતા. જ્યાં એક્ઝિક્યુટિવ સેક્રેટરી તેજસ પટવાએ તેમનું હાર્દિક સ્વાગત કર્યું હતું. તેજસ પટવાએ ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી સંજયકુમારને એટલાન્ટામાં ભારતીય અને ગુજરાતી નાગરિકોની વસતી ખૂબ જ મોટા પ્રમાણમાં હોવાનું ટાંકી ભારતીય સમુદાય માટે એટલાન્ટા-દિલ્હી-એટલાન્ટા અને એટલાન્ટા-અમદાવાદ-એટલાન્ટાની સીધી વિમાની સેવા શરૂ કરવા રજૂઆત કરી હતી.

ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી સંજય કુમારની સાથે એટલાન્ટા ભાજપના આગેવાન વિકાસ ન્હાટા અને ચટલા નંદાજી ઉપસ્થિત રહ્યા હતા.


તેજસ પટવા અને સંજયકુમાર

## અધિક શ્રાવણ માસમાં ગોકુલધામમાં શ્રી યમુના મહારાણીનો ચુંદડી મનોરથ યોજાયો

# ગોકુલધામમાં શ્રી યમુનાજીને 2100 મીટર લાંબી ચુંદડી અર્પણ કરાઈ

એટલાન્ટા



એટલાન્ટાની ગોકુલધામ હવેલીમાં બિરાજમાન શ્રી ગોવર્ધનનાથજીના સુખાર્થે પવિત્ર પુરુષોત્તમ માસ-અધિક માસમાં અનેકવિધ મનોરથનું આયોજન કરાયું હતું. જે અંતર્ગત રવિવાર તા.6 ઓગસ્ટના રોજ શ્રી યમુના મહારાણીનો ચુંદડી મનોરથ યોજાયો હતો. આ મનોરથમાં શ્રી યમુના મહારાણીને 2100 મીટર લાંબી રંગબેરંગી ચુંદડી અર્પણ કરાતાં આ અનોખો મનોરથ નિહાળી વૈષ્ણવ શ્રદ્ધાળુઓ ભાવવિભોર બન્યા હતા. દર વર્ષે પવિત્ર પુરુષોત્તમ માસનો યોગ સર્જાય છે. આ વર્ષે અધિક શ્રાવણ માસનો યોગ આવતાં ગોકુલધામમાં અધિક શ્રાવણ અને શ્રાવણ માસમાં હિંડોળા ઉપરાંત અનેકવિધ અનોખા મનોરથનું આ વર્ષે આયોજન કરાયું હતું. અધિક માસ દરમિયાન પુષ્પ વિતાન મનોરથ, કમળના હિંડોળા, ફુલની સાંઝી, વ્રજ કમળ મનોરથ, ગિરિરાજ પરિક્રમા-ગિરિકંદરા હિંડોળા, ઘનઘોરની સવારી, ફુલ મહલ મનોરથ, કેસરી બંગલો-મોતી મહલનો મનોરથ, નંદ ઉત્સવ, છાક લીલા, તુલસી વિવાહ-વિવાહ ખેલ મનોરથ, નાવ મનોરથ તેમજ માનસી ગંગા દીપદાન મનોરથ યોજાયા હતા. આ વર્ષે આયોજિત અનોખા પ્રકારના મનોરથના દર્શનનો લ્હાવો લઈ વૈષ્ણવ શ્રદ્ધાળુઓ ધન્ય બન્યા હતા. અધિક માસમાં યોજાયેલા વિવિધ મનોરથ પૈકી રવિવાર તા.6 ઓગસ્ટના રોજ શ્રી યમુનાજીનો ચુંદડી મનોરથ ભવ્ય રીતે યોજાતાં વૈષ્ણવ શ્રદ્ધાળુઓ વાહવાહ પોકારી ઉઠ્યા હતા. ગોકુલધામના શાસ્ત્રીજી ગિરધર ઉપાધ્યાયે વૈદિક મંત્રોચ્ચાર સાથે યમુનાજીનું આવાહન કરતાં મુખ્યાજી નરપત મહારાજે શ્રી ઠાકોરજી અને શ્રી યમુનાજી સન્મુખ કુંડમાં યમુનાજળ પધરાવવા ઉપરાંત કુંડનું પૂજન કર્યું હતું.

ત્યારબાદ યમુનાષ્ટક અને શ્રીસૂક્તના ગાન સાથે શ્રી યમુના મહારાણીના ચુંદડી મનોરથનો પ્રારંભ થયો હતો. લગભગ બે કલાક સુધી ચાલેલા ચુંદડી મનોરથ દરમિયાન શ્રી યમુના મહારાણીને 2100 મીટર લાંબી 351 ચુંદડી અર્પણ કરાઈ હતી.

ચુંદડી મનોરથ વેળા કિર્તનકાર અલ્પેશ સાવલિયા અને રાજેશ દલાલે શ્રી ઠાકોરજી અને શ્રી યમુનાજીના કિર્તનો અને ભજનો-ધૂનની રમઝટ બોલાવી હતી. શ્રી યમુનાજીને ચુંદડી મનોરથમાં અર્પણ કરાયેલી 351 ચુંદડીને ગોકુલધામની બહેનોએ ન્યોંછાવર અર્પણ કરીને પ્રસાદી રુપે સ્વીકારી ધન્યતાનો અનુભવ કર્યો હતો. ચુંદડી મનોરથના મુખ્ય મનોરથી તરીકે મનોરમાબહેન મજમુદાર, ભારતીબહેન કામદાર, કુંજન શાહ, સરોજબહેન પટેલ અને રંજનબહેન પટેલએ લ્હાવો લીધો હતો. જ્યારે સહ-મનોરથી તરીકે કલ્પનાબહેન મજમુદાર, કિન્નરી અને અંકિત પટેલ, પલક અને મિહિર તન્ના અને તેજસ પટેલે લ્હાવો લીધો હતો. ચુંદડી મનોરથને સફળ બનાવવા માટે અમી પટવા, અલ્કેશ શાહ, હેતલ શાહ, રોશની શાહ, ડૉ.હિરલ પટેલ, કિન્નરી અમીન,પીનલ શાહ, રોશની શાહ, શ્રેયા શાહ, વર્ષા શાહ, મહેન્દ્ર શાહ, કૃપા શાહ, આત્મય તલાટી, દિપિકા પટેલ, અચલ દલાલ, કાજલ ઠાકર, જીજ્ઞા દેસાઈ, દિપ્તિ શાહ ઉપરાંત સજાવટ ટીમની વિવિધ બહેનોએ સેવા આપી હતી.













## વિદેશની ધરતી પર ' ગુજરાતી ' ભાષા અને ' હિન્દુઇઝમ 'નો અભ્યાસ કરાવતા ગોકુલધામ વિદ્યાલયનું વધતું આકર્ષણ

# ગોકુલધામ વિદ્યાલયના વર્ષ 2023-24 ના શૈક્ષણિક સત્રનો પ્રારંભ

## નવા શૈક્ષણિક સત્રમાં 210 સ્ટુડન્ટ જોડાયા : ગુજરાતી ક્લાસમાં 70 અને હિન્દુઇઝમ ક્લાસમાં 140 બાળકોનું રજિસ્ટ્રેશન

















એટલાન્ટા

એટલાન્ટાની ગોકુલ ધામ હવેલી હેઠળ સંચાલિત ગોકુલધામ વિદ્યાલયના વર્ષ 2023-24 ના શૈક્ષણિક સત્રનો ઓગસ્ટ મહિનાથી પ્રારંભ થયો છે. નવા શરૂ થયેલા શૈક્ષણિક સત્રમાં કુલ-210 સ્ટુડન્ટનું રજિસ્ટ્રેશન થયું છે. જે પૈકી 'ગુજરાતી'ના ક્લાસમાં 70 બાળકો અને 'હિન્દુઈઝમ'ના ક્લાસમાં 140 બાળકો નવા સત્રમાં અભ્યાસ કરી રહ્યા છે.

### ગોકુલધામ વિદ્યાલયનો 14 માં વર્ષમાં પ્રવેશ

વડોદરાના કલ્યાણરાયજી મંદિરના ષષ્ઠ પીઠાધિશ્વર વૈષ્ણવાચાર્ય પૂ.દ્વારકેશલાલજી મહારાજશ્રીના આશીર્વાદ અને માર્ગદર્શનથી ગોકુલધામ હવેલી હેઠળ ગોકુલધામ વિદ્યાલય કાર્યરત છે. વિદેશની ધરતી પર 'ગુજરાતી' ભાષા અને 'હિન્દુઈઝમ' નો અભ્યાસ કરાવતા આ ગોકુલધામ વિદ્યાલયનું આકર્ષણ વર્ષ-પ્રતિવર્ષ વધી રહ્યું છે. વર્ષ 2011 માં નાના પાયે શરૂ થયેલા ગોકુલધામ વિદ્યાલયનો વ્યાપ દર વર્ષે વધી રહ્યો છે. આ વર્ષે ગોકુલધામ વિદ્યાલયનો 14 માં વર્ષમાં પ્રવેશ થયો છે. ગોકુલધામ વિદ્યાલયના પ્રિન્સીપાલ તરીકે છેલ્લા 14 વર્ષથી નિરંતર સેવા આપી રહેલા તેજસ પટવાએ જણાવ્યું હતું કે, કોવિડ જેવી મહામારી સમયે પણ ગોકુલધામ વિદ્યાલય ઓનલાઈન કાર્યરત રાખવામાં આવતાં વિદ્યાલય પ્રત્યે પેરેન્ટ્સનો વિશ્વાસ વધુ દ્રઢ બન્યો છે.

જેના પરિણામ સ્વરૂપે ગોકુલધામ વિદ્યાલયમાં દર વર્ષે બાળકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. આ વર્ષથી બાળકોના અભ્યાસ માટે ફિક્સ સિલેબસ સાથેની ગોકુલધામ વિદ્યાલયની બુક તૈયાર કરીને આપવામાં આવશે. આ બુક મુજબ જ વિદ્યાલયનું શૈક્ષણિક સત્ર કાર્યરત રહેશે.

### ગોકુલધામ વિદ્યાલયની ટીમને ઓળખો

પ્રિન્સીપાલ- તેજસ પટવા

હિન્દુઈઝમ ક્લાસના ટીચર્સ

કિન્નર ગાર્ડન- અચલ દલાલ, એક્તા શાહ

ગ્રેડ 1 : અલીશા ઠાકર, નિધિ સુરેજા

ગ્રેડ 2 : દિપિકા પટેલ

ગ્રેડ 3 : જીજ્ઞા દેસાઈ, અવની જાંબુડી

ગ્રેડ 4 : અર્ચના હેતલ શાહ

ગ્રેડ 5 : કિન્નરી અમીન

ગ્રેડ 6 : પૂર્વી સંપત

ગ્રેડ 7 : અમી પરીખ

ગ્રેડ 8 : રોશની શાહ

**ગુજરાતી ક્લાસના ટીચર્સ**

ક્લાસ 1 એ : અમી કોઠારી, જીલ પટેલ

ક્લાસ 1 બી : અર્ચના હેતલ શાહ

ક્લાસ 2 એ : નિધિ સુરેજા

ક્લાસ 2 બી : કિન્નરી અમીન

ક્લાસ 3 : અલીશા ઠાકર, વિશાખા કલાસિયા

ક્લાસ 4 -5 : અચલ દલાલ

ક્લાસ 6 : રોશની શાહ

## એટલાન્ટાની ગોકુલધામ હવેલીમાં ફ્રી બ્લડ વર્ક સહિત ફ્રી હેલ્થ કેમ્પ યોજાયો

# હેલ્થ કેમ્પમાં 45 સ્પેશયાલિસ્ટ ડોકટર્સે 400થી વધુ નાગરિકોનું ચેકઅપ કર્યું

### ગોકુલધામના સમાજોપયોગી ઉમદા કાર્યની પ્રશંસા

**એટલાન્ટા**

અનેક સેવાકીય પ્રવૃત્તિઓથી ધમધમતી એટલાન્ટાની ગોકુલધામ હવેલીમાં શનિવાર તા.19 ઓગસ્ટના રોજ હેલ્થ કેમ્પનું આયોજન કરાયું હતું. આ હેલ્થ કેમ્પમાં 45 જેટલાં સ્પેશ્યાલિસ્ટ ડૉકટર્સે 400 થી વધુ દર્દીઓનું ચેકઅપ અને કન્સલ્ટેશન કર્યું હતું. ગોકુલધામમાં હેલ્થ કેમ્પ હેતુ ઊભા કરાયેલા સેટઅપ અને આયોજનની દર્દીઓ અને તબીબોએ પ્રશંસા કરી હતી. આરોગ્ય સેવાનું કાર્ય સમાજ માટે પ્રેરણાદાયક અને બોધરૂપ હોય છે. આ ઉક્તિને એટલાન્ટાની ગોકુલધામ હવેલી સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહી છે. જે અતર્ગત ગોકુલધામ હવેલી ખાતે હેલ્થ કેમ્પ-2023 યોજાયો હતો. શનિવાર તા.12 ઓગસ્ટના રોજ 450 જેટલા નાગરિકોના બ્લડ વર્ક કરાયા બાદ બીજા અઠવાડિયે તા.19 ઓગસ્ટના રોજ આયોજિત હેલ્થ કેમ્પનો 400થી દર્દીઓએ લ્હાવો લીધો હતો.

આ હેલ્થ કેમ્પમાં 45 જેટલાં જુદાજુદા સ્પેશ્યાલિસ્ટ ડૉકટર્સે બ્લડ ટેસ્ટ કરાવનાર નાગરિકોને તેઓના લેબોરેટરી રિપોર્ટના આધારે ચેકઅપ-નિદાન કરી નિરોગી સ્વાસ્થ્ય માટે સચોટ માર્ગદર્શન આપ્યું હતું. હેલ્થ કેમ્પમાં ઈન્ટરનલ મેડિસિન, ફેમિલિ મેડિસિન, કાર્ડિયોલોજીસ્ટ, ઓર્થોપેડિક, આઈ-સ્પેશ્યાલિસ્ટ, ડેન્ટિસ્ટ, નેફ્રોલોજિસ્ટ, ન્યૂટ્રિટિયોનિસ્ટ, પિડિયાટ્રિશિયન, એબડોમિનલ રેડિયોલોજિસ્ટ, ઈન્ફેકેસિયસ ડિસિઝ, પેઈન મેનેજમેન્ટ તેમજ ઈએનટી સ્પેશ્યાલિસ્ટ સહિત 45 જેટલા તબીબોએ નિ:સ્વાર્થ ભાવે ઉપસ્થિત રહી ‘સેવા પરમો ધર્મ’ ઊક્તિને સાર્થક કરી હતી. આ ઉપરાંત ફિજિશ્યિન આસિસ્ટન્ટ, નર્સ પ્રેકટિસનર્સ અને ફિજિકલ થેરાપિસ્ટે પણ આ કેમ્પમાં તેમનું યોગદાન આપ્યું હતું. ગોકુલધામ હવેલીમાં આયોજિત હેલ્થ કેમ્પ અંતર્ગત 450 નાગરિકોનું ફ્રી બ્લડ વર્ક, ફ્રી EKG અને ફ્રી BMI કરવામાં આવ્યું હતું. ગોકુલધામના આ કાર્યની હેલ્થ કેમ્પમાં ભાગ લેનાર નાગરિકોએ પ્રશંસા કરી બિરદાવી હતી.હેલ્થ કેમ્પને સફળ બનાવવા માટે ગોકુલધામના ચેરમેન અશોક પટેલ, એક્ઝિક્યુટિવ સેક્રેટરી તેજસ પટવા સહિત સમગ્ર ગોકુલધામ ટીમે જહેમત ઊઠાવી હતી. હેલ્થ કેમ્પ અંતર્ગત બ્લડ વર્ક કરવા માટે ગોકુલધામના વોલેન્ટિયર્સ પૂજા પટેલ, શ્રેયા શાહ ઉપરાંત રીમા પટેલ-દિપક પટેલ, કુંજન શાહ, ગોકુલધામના ટ્રેઝરર કિન્તુ શાહ, હેતલ શાહ, અલકેશ શાહ, પરિમલ પટેલ, સમીર શાહ, જીગર શાહ, ભાવેશ સુરેજા, રાજેશ સુરેજા, મિલન ભૂત તેમજ કિચન ટીમમાંથી રંજન શિરોયા, અશ્વિન પટેલ, રજનીભાઈ શેઠ સહિત વિવિધ વોલેન્ટિયર્સે સેવા આપી હતી. પીડમોન્ટ લેબોરેટરી તરફથી હેલ્થ કેમ્પ માટે રજિસ્ટર્ડ થયેલી વ્યક્તિઓના ફ્રી લેબોરેટરી ચેકઅપ કરાયું હતું. જ્યારે પીડમોન્ટ હાર્ટ હોસ્પિટલ તરફથી નિ:શુલ્ક ઈ.કે.જી.ની સેવાનું યોગદાન મળ્યું હતું.











## હેલ્થ કેમ્પમાં સેવા આપનાર ડોકટર્સ

ડૉ.અંકિત પટેલ, ડૉ.જીગીશુ દાભુવાલા, ડૉ.કુશાંગ ગાંધી, ડૉ.નરેશ પરીખ, ડૉ.નિમિશ ધ્રુવ, ડૉ.વેદાંગ ભાવસાર,ડૉ. ચિંતન પરીખ, ડૉ.સંદિપ પાઠક, ડૉ.મુકુંદ રાજા, ડૉ.હિતેશ ચોકસી અને ડૉ. ચિરાગ પટેલ,ડૉ.શ્રીનાથ નાડિગ, ડૉ.તૃષ્ણા રાવ, ડૉ.મોના શાહ, ડૉ.ધવલ પટેલ, ડૉ.રુચિ ગાંધી, ડૉ.જીજ્ઞેશ ઢોલરિયા, ડૉ.નિમિષા ત્રિવેદી,ડૉ.શ્વેતા અડાગટલા, ડૉ.નેહા અગ્રવાલ, ડૉ.ઈશિતા પરીખ, ડૉ.મનન શાહ, ડૉ.જીજ્ઞેશ ગાંધી, ડૉ.મનહર પટેલ,ડૉ.આકાશ અમીન, ડૉ.નિરજ જૈન, ડૉ.નિરવ પરીખ અને ડૉ.સૌરભ ખાખરિયાએ સેવા આપી હતી. જ્યારે નર્સ પ્રેકટિશનર્સ ચૈતાલી પટેલ, કોમલ શાહ, મેઘા અમીન અને રીમા પટેલે સહયોગ આપ્યો હતો. જ્યારે ફિજિકલ થેરાપિસ્ટ તરીકે પાયલ દેસાઈ અને ફિજિશ્યિન આસીસ્ટન્ટ તરીકે વૃંદા શાહ ઉપસ્થિત રહ્યા હતા.



## ગોકુલધામના ફેઝ-2 પ્રોજેક્ટનું કાર્ય ટૂંક સમયમાં શરૂ કરવાનો ટાર્ગેટ

# ગોકુલધામના ડેવલપમેન્ટ હેતુ BUILD OUR FUTURE#100 ફંડ રેઈઝિંગ કેમ્પેઈન

**એટલાન્ટા**

અમેરિકાના એટલાન્ટા સિટીમાં સ્થપાયેલી ગોકુલધામ હવેલી માત્ર છ વર્ષના સમયગાળામાં જ આધ્યાત્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, માનવતાવાદી અને સામાજિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની છે. આ ગોકુલધામ હવેલીના ડેવલપમેન્ટ પ્રોજેક્ટને હાથ પર લેવા માટે BUILD OUR FUTURE#100 ફંડ રેઈઝિંગ કેમ્પેઈનનો પ્રારંભ કરાયો છે. આ ફંડ રેઈઝિંગ કેમ્પેઇનમાં ગોકુલધામ સાથે સંકળાયેલા શ્રદ્ધાળુઓને દર મહિને 100 ડોલરનું ફંડ આપવાની અપીલ કરવામાં આવી છે. ગોકુલધામ હવેલી દ્વારા છેલ્લા 14 વર્ષથી ગોકુલધામ વિદ્યાલય થકી બાળકોને ગુજરાતી ભાષા તેમજ હિન્દુઈઝમનું શિક્ષણ અપાઈ રહ્યું છે. શૈક્ષણિક સત્ર 2022-2023 માં બાળકોને 8260થી વધુ કલાકનું




શિક્ષણ અપાયું હતું. હાલ 250 જેટલાં બાળકો દાતાઓના ડોનેશનથી શિક્ષણ મેળવી રહ્યા છે. આગામી સમયમાં બાળકોની સંખ્યા 400થી વધુ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ માટે વિદ્યાલય હેતુ નવું મકાન બનાવી આ મકાનમાં બાળકો માટેની વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત ગોકુલધામ હવેલી તરફથી દર વર્ષે ઉનાળામાં સમર કેમ્પનું આયોજન થાય છે. 2023 ના સમર કેમ્પમાં 230 બાળકોએ તેનો લાભ લીધો હતો.

જો કે, સ્થળ સંકોચને કારણે સુવિધાઓની મર્યાદાની સમસ્યા સર્જાઈ શકે તેમ હોવાથી વધુ બાળકો સમર કેમ્પનો લાભ લેવાથી વંચિત રહ્યા હતા. જો ફંડ રેઈઝિંગ કેમ્પેઈનને સપોર્ટ મળે તો ગોકુલધામ હવેલીના સ્થળનું વિસ્તરણ શક્ય બનશે. જેથી ભવિષ્યમાં વધુ સંખ્યામાં બાળકો સમર કેમ્પમાં જોડાઈ શકે. બીજી તરફ ગોકુલધામ હવેલીમાં યોજાતા હેલ્થ ચેકઅપ કેમ્પમાં પણ વર્ષ-પ્રતિવર્ષ સંખ્યા વધી રહી છે. જેથી હવેલીની હાલની જગ્યા તેમજ સુવિધાઓ ઓછી પડે છે. ભવિષ્યમાં હવેલીનું વિસ્તરણ થાય તો વધુ સંખ્યામાં નાગરિકો હેલ્થ ચેકઅપ કેમ્પ તેમજ તેમાં હાજર રહેતા સ્પેશ્યાલિસ્ટ ડૉકટર્સનો લ્હાવો લઈ શકે. ગોકુલધામ હવેલીમાં દર વર્ષે સ્પોર્ટસ ડે, યુથ પ્રોગ્રામ, નવરાત્રિમાં ગરબા કાર્યક્રમ ઉપરાંત અન્ય સાંસ્કૃતિક અને સામાજિક કાર્યક્રમો યોજાય છે. હાલ નાની જગ્યાની સમસ્યા સર્જાઈ રહી છે. જેથી સ્પોર્ટસ માટે ઈન્ડોર વોલીબોલ અને બાસ્કેટબોલ કોર્ટ, સાંસ્કૃતિક કાર્યક્રમો, ગરબા, નાટક, સમર કેમ્પ, સામાજિક પ્રસંગો તેમજ સિનિયર્સ માટેના કાર્યક્રમો યોજવા માટે મલ્ટી પર્પઝ હોલનું નિર્માણ કરવાનું સ્વપ્ન રાખવામાં આવ્યું છે. ગોકુલધામ હવેલીના ચેરમેન અશોક પટેલ તેમજ એક્ઝિક્યુટિવ સેક્રેટરી તેજસ પટવાએ ગોકુલધામના ડેવલપમેન્ટ હેતુ હાથ ધરાયેલા વિસ્તરણ પ્રોજેક્ટ માટે શ્રદ્ધાળુ નાગરિકોને BUILD OUR FUTURE#100 ફંડ રેઈઝિંગ કેમ્પેઈનમાં દર મહિને 100 ડોલરનું યોગદાન આપવાની વિનંતી કરી છે.